*Save Energy for Benefit of Self and Nation*

UGVCL

**Uttar Gujarat Vij Company Ltd.**

**CIN-U40102GJ2003SGCO42906 GST NO-24AACU6551F1ZI**

DIVISION OFFICE, VISNAGAR ROAD,MEHSANA.PHONE-02762-222055

| | |
|---|---|
| **PR NO** | **517174** |
| **RFQ NO** | **70520** |

**ADVERTISED TENDER**

**TO,**
**M/s_____________________________**
**________________________________**
**________________________________**

**Name of Work :- Hiring of Vehicle for Mehsana City sdn under UGVCL Mehsana Division. (Second Attempt)**
**Tender Nivida :- MSNCO/014/2023**

| | |
|---|---|
| **Estimate cost** | **Rs. 1200000.00** |
| **Earnest Money** | **Rs. 20000.00** |
| **Security Deposit** | **5% of Tender Value** |
| **Online Preliminary, Technical & Price bid i.e. On line (e-tendering) tender/offer submission last date** | **Date: 23/02/2023 Up to 18.00 Hrs** |
| **Last Date for submission of Tender fee and EMD Demand Draft Cover. (By Registered Post A.D. or Speed Post only)** | **On or before date 27/02/2023 Up to 18.00 Hrs** |
| **Date of opening of Tender fee, EMD cover and Technical Bid online(if possible)** | **Date 28/02/2023 up to 12.00 Hrs** |
| **Date of On line Opening of Price Bid online (Tentative, if possible)** | **Date 28/02/2023 up to 16.00 Hrs** |
| **Tender Fee** | **Rs. 1180/- (Rs. 1000/- + 18% GST)** |
| **Time Limit.** | **2 Year** |

**Important Note for bidders (as per GUVNL Circular:GUVNL/TECH-3/DE-1/ONLINE TENDER DOCU./1790 DATE:01.07.2022)**

1.Tender without Tender Fee/EMD will not be considered for accepted tender.

**2.Documents with bid submission in N-procure** :-
-Bidder has to upload scanned copies of original (Notarized/self-attested copies of original-as specified in tender document) documents with bid and no physical document to be submit by bidder.
-In case of short submission of documents with bid and/or clarification if any required from the bidder, the required detail/documents may be asked from bidder in physical form.
-It shall be sole responsibility of the bidder that the uploaded scanned documents (in PDF Form) remain legible and should not be password protected.

**3.Payment of Tender Fee & EMD:**
- Payment of tender fee/EMD can be accepted by RTGS/NEFT in favour of UTTAR GUJARAT VIJ COMPANY LIMITED.

»Bank Name & Branch: Bank of Baroda,Main Branch, Mehsana
»A/C Num.:01520200030472
»IFSC Code:BARB0MEHSAN (Fifth Character is ZERO)

-In case of cash payment (up to 10,000/-), the scanned copy of cash receipt shall have to be uploaded with bid.
-In case of payment through DD/Banker Cheque/pay order/Bank Guarantee, the scanned copy of original document shall have to be uploaded with the bid and original copy of the same will have to be submitted at the UTTAR GUJARAT VIJ COMPANY LIMITED Division Office Mehsana, Visnagar Road, Mehsana-384001, within 5 days of specified date of bid opening.

4. Tender Papers & Specifications may be downloaded from web site https://ugvcl.nprocure.com (To view, download and on-line submission of documents) and UGVCL web site www.ugvcl.com (To view & download only).

5. Bidders should be in touch with websites https://ugvcl.nprocure.com&www.ugvcl.com for information regarding revision/corrigendum/Amendment in tender till due date of online submission

and thereafter. No separate information shall be sent in this regards and also not publish in newspaper.

6. It is mandatory for all the bidders to submit their tender documents/Technical bid with scanned copy of Tender Fee and EMD evidence by on-line (e-tendering) upload in schedule time.

7.**The Bidder must submit their Technical Bid & price bid online in electronic formate only on N-Procure web site till last date& time for submission.Offers in physical form will not be accepted in any case.**

**SUPDT.ACCTT.**
**DIVISION OFFICE MEHSANA**

**EXECUTIVE ENGINEER**
**DIVISION OFFICEMEHSANA**

## SCHEDULE-'B'

**Vehicle No-----------------------------,Year of Model--------------------**

**Present Diesel Rate:--------------**

**SUB :- Hiring of Vehicle for Mehsana citySdn under UGVCL MehsanaDivision.**

| Sr. No. | Description | Qty. | Unit. | Rate. | Total Amount. |
|---|---|---|---|---|---|
| 1 | Up to 3000Kms<br>Per Month & for 24Hrs per Day | 24 | No | 48000.00 | 1152000.00 |
| 2 | Rate of Extra Kms above 3000Kms per Kms | 5000 | Kms | 9.00 | 45000.00 |
| 3 | Fuel price difference per Km | 30000 | Kms | 0.1 | 3000 |
| | | | | Total in Rs. | 1200000.00 |
| | | | | Bidders offer(+/-) in % | |
| | | | | Grand Total in Rs. | |
| | Final Offer Rs. in words | | | | |

**Executive Engineer**

**Mehsana D.O**

______________________

**Contractor's Signature. With stamp**

**ટેન્ડર સાથે નીચેના ડોંક્યૂમેંટ ncodeમાં pdffileબનાવી ઓનલાઈન બીડાણ કરવાના રહેશે:**

**(૧) ટેન્ડર નોટીસ કોપી (દરેક પેજ પર ઠેકેદાર ની સહી સાથે)**

**(૨) ટેન્ડર ફી તથા ઈમેડી ફી (GUVNLપરિપત્ર મુજબ અને ઉપર ની ટેન્ડર શરત નં 3 મુજબ)**

**(3) પાનકાર્ડ**

**(૪) જીએસટી નંબર**

**(૫) જો જીએસટી નંબર તા.૦૧.૧૦.૧૯ પછીનો હોય તો ઠેકેદારે રૂપિયા 300/- ના સ્ટેમ્પ પેપર પર નોટરી સાથે એવું લખાણ આપવાનું રેહશે કે ઠેકેદારે ૧૨ % (બાર) જીએસટી લેવો અથવા ૫ % (પાંચ) રીવર્સ મીકેનીજમ પ્રમાણે જીએસટી ની કાર્યવાહી થશે તેવા લખાણ વાળો સ્ટેમ્પ onlineડોકયુમેંટ માંજોડાવાનો રેહશે.**

**(૬) જો જીએસટી નંબર ના હોય તો ઠેકેદાર નું વાર્ષિક ટર્નઓવર વીસ લાખ કરતા ઓછુ છે તેવું રૂ. 300 ના સ્ટેમ્પ પેપર પર નોટરી સાથે નું બાહેધરી પત્ર લખી onlineજોડાવાનો રેહશે.**

**(૭) નવી ગાડી નું કોટેશન-બોલેરો બંધ બોડી ગાડી(7/9) પાસીંગ**

**(૮)જુનીગાડીનીઆર.સીબુકનીઝેરોક્ષ,વીમો,ટેક્ષી-મેક્ષી પાસીંગ, ફિટનેસસર્ટીફીકેટ,પીયુસી,ડ્રાયવરલાયસન્સ,ઠેકેદારનુંઆધારકાર્ડ.**

**(૯) જો ઠેકેદારે નવી ગાડીનું કોટેશન મુકેલ હોય તો વધારાની ડિપોઝીટ રૂ. ૫૦૦૦/- નો ડીડી/RTGS/NEFTઅલગથી કરવાનો રહેશે.**

*Save Energy for Benefit of Self and Nation*

UGVCL

Uttar Gujarat Vij Company Ltd.

CIN-U40102GJ2003SGCO42906 GST NO-24AAACU6551F1ZI

DIVISION OFFICE, VISNAGAR ROAD,MEHSANA.PHONE-02762-222055

## ગાડી ભાડે રાખવાના નિયમો અને શરતો

**ટેક્ષી/મેક્ષી (7/9) પાર્સિંગબંધ બોડીબોલેરોડીઝલગાડીવાર્ષિક ધોરણે ભાડે રાખવા અંગેની સામાન્ય શરતો નીચે મુજબ છે,જે ભાડે આપનાર ઠેકેદાર(એકબાજુવાળા) અને કાર્યપાલક ઈજનેરશ્રી,યુ॰જી॰વી॰સી॰એલ॰ડિવિઝન ઓફિસ,મહેસાણા(બીજી બાજુવાળા)ની સાથે રૂ॰ ૩૦૦/- નો કરાર કરવાનો રહેશે॰**

૧॰લાગતા વળગતા કાર્યક્ષેત્ર કેજેનો સમાવેશ ગુજરાતમાં અન્ય જગ્યાએ જવા આવવામાટેથયેલ છે॰માટે ગાડી તમારાલાઈસન્સ ધરાવતા અનુભવી સક્ષમ ડ્રાઇવર સાથે કોન્ટ્રાક્ટ ઉપર ભાડે આપવાની રહેશે॰

૨. આરટીઓના નિયમો અનુસાર ગાડી ઓન રોડહોવી જરૂરી છે તથા તેને લગતા તમામ ટેક્ષ,ઇન્સ્યોરન્સ વિગેરે ભરેલા હોવા જોઈએ,તે ભરવા અંગેની સઘળી જવાબદારી ઠેકેદારની રહેશે તથા પોલીસખાતા/આર.ટી.ઓ.મારફતથી જે કંઇ કાર્યવાહી થાય તેની બધીજ જવાબદારી ઠેકેદારને શિરે રહેશે॰ટેક્ષી પરમીટ તથા સંપૂર્ણ વીમો અત્યંત જરૂરી છે॰

૩. આપના વાહનનું મોડલ કંપનીએ મુકરર કરેલ એટ્લેકે ટેન્ડર પાડયા તારીખથી ત્રણ વર્ષથી વધું જૂનું ના હોવું જોઈએ,જૂના વાહનઉપર ટેન્ડર મળી શકશે નહીં॰વાહનનામરામત ખર્ચની તમામ જવાબદારી ઠેકેદારના શિરે રહેશે॰ ટેક્ષી/મેક્ષી પાર્સિંગ ઓછામાં ઓછું (૭/૯) નું હોવું જોઈશે,તથાઆર॰સી॰બુક,રોડ પરમીટ ,વાહનનો વીમો ,ટેક્ષ પાવતી ,ટેક્ષી/મેક્ષી પાર્સિંગ,પીયુસીસર્ટિ તથા ભાડાના વાહનના જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવાના રહેશે॰

૪.અધિકૃત અધિકારીશ્રીની સૂચના અનુસાર કાચા કે પાકા રસ્તા ઉપર ગાડી ચલાવવાની તથા લઈ જવાની રહેશે તથા તેમના જણાવ્યા પ્રમાણે રોકાણ કરવાનું રહેશે વિભાગીયકચેરી શિવાય બહારની જગ્યાએ પણ નિયુક્ત કરેલ અધિકારીશ્રી ની સૂચના મુજબ જવાનું રહેશે ॰વાવાજોડા તથા અનન્ય કામગીરી માટે જીયુવીએનએલ ની તાબા હેઠળ આવેલ તમામ વીજકંપની ના કાર્યસેત્ર માં જવાનું રેહશે.

૫.કંપનીના નિયમ અનુસાર ગાડીની કામગીરી અંગેની લોગબૂક ફરજિયાત પણે રાખવાની રહેશે,જેમાં મુસાફરી કરનાર અધિકારી/કર્મચારીઓની વિગત,કામગીરીની વિગત, તારીખ, સમય ,સ્થળ,પાસ્ટ/પ્રેઝન્ટ રીડિંગ સાથેના કુલ કી॰મી॰તથા ડીઝલ/ઓઇલ વિગેરેની સંપૂર્ણ માહિતી દર્શાવવાની રહેશે, જે બીલ ની ચૂકવણીમાટે અધિકૃત રેકોર્ડ ગણાશે॰જે તે દિવસે મુસાફરી શરૂ થતાં ઇન્ડેન્ટ ભરવું ફરજિયાત છે, તથા મુસાફરી પૂરી થયેથી મુસાફરી કરનાર અધિકારીશ્રી/કર્મચારીઓનીઇન્ડેન્ટમાંસહી કરવવાની જવાબદારી ડ્રાઇવરની રહેશે ,તથા તે ઇન્ડેન્ટ મોડામાંમોડા કામકાજના બીજા દિવસે જવાબદાર અધિકારીશ્રી ને આપવાના રહેશે॰ઠેકેદારે ગાડીમાં જીપીએસ સિસ્ટમપોતાના ખર્ચે લગાવવાની રહેશે અને બીલ પાસ કરાવતી વખતે જીપીએસ રિપોર્ટ મુજબ લોગબુક મેચ કરી સબમીટ કરવાની રેહશે તથા લૉગબુક સાથે જીપીએસ રિપોર્ટ સામેલ કરવાનો રહેશે॰ બીલ સાથે રજુ કરેલ જીપીએસ નો રીપોર્ટ નું બીલ નો ખર્ચ કંપની દ્વારા ચૂકવામાં આવશે. તેના માટે પ્રૂફ આપવાનું રેહશે. આ રકમ બીલ માં જમા આપવામાં આવશે.

DIVISION OFFICE, VISNAGAR ROAD,MEHSANA.PHONE-02762-222055

૬.ડ્રાઇવરનાં પગાર ભથ્થા તથા રહેવા જમવાની સગવડ ઠેકેદારે કરવાની રહેશે ·જરૂરિયાત મુજબ રાત્રિ રોકાણ માટે ડ્રાઇવરનો જરૂરી ખર્ચ ઠેકેદારે પોતે ભોગવવાનો રહેશે તથાડ્રાઇવરને અઠવાડિક એક રજા આપવાની જવાબદારી ઠેકેદારની રહેશે·

૭.કોઈપણ શરત વાળું કે અધૂરું ભરેલું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં ·

૮. ઠેકેદારે તેનું ગાડીભાડાનું પાકું બીલ દર મહિને ત્રણ નકલોમાં આપવાનું રહેશે ,જેનું ચૂકવણુંબીલ મળ્યા પછી દિન -૩૦ માં એકાઉન્ટ પે ના ચેક અથવા નેફ્ટ /આર·ટી·જી·એસ· થી કરવામાં આવશે,તથા સરકારશ્રીના નિયમ મુજબ બીલમાંથી ટી·ડી·એસ· કપાત કરવામાં આવશે·

૯. તમારે એટલેકે ઠેકેદારે ગાડીનો તેમજ ત્રાહિત વ્યક્તિનો સંપૂર્ણ વીમો લેવાનો રહેશે ,અને વીમો લીધાની નકલ એગ્રીમેન્ટ કરતી વખતે રજૂ કરવાની રહેશે.

૧૦. આપની ગાડી અધિકૃત અધિકારીશ્રી માંગેત્યારે અને તેટલા સમય માટે આપવાની રહેશે·આપની ગાડી નો સમય ૨૪ કલાક છે જેથી બીજો કોઈ ચાર્જ ચૂકવવામાં આવશે નહીં·અઠવાડિયામાંએક દિવસ રજાનો રહેશે ,કયા વારના દિવસે રજા રાખવી તે સક્ષમ અધિકારીશ્રી નક્કી કરશે ,અનિવાર્ય સંજોગોમાં રજાના દિવસે કામગીરી કરવાની થાય તો તેને બદલે બીજા અઠવાડિયામાં વધારાની રજા આપવામાં આવશે ,પરંતુ તેને માટે વધારાનો કોઈ ચાર્જ ચૂકવવામાં આવશે નહીં.

૧૧. ઉપરોક્ત કોન્ટ્રાક્ટ માટેની સમય મર્યાદા આશરે બે વર્ષની અથવા ઓર્ડર ની રકમ પૂરી થાય,બંન્નેમાંથી જે વહેલા હોય તે પ્રમાણેનીરહેશે · કોન્ટ્રાક્ટરની સંનિષ્ઠ સેવા બદલ બન્નેની સંમતિથી જૂના ભાવ અને શરતેવડી કચેરીની મંજૂરી મળ્યેથી કોન્ટ્રાક્ટની મુદત વધુ બે વર્ષ સુધી વધારી આપવામાં આવશે,પરંતું તે માટે કોન્ટ્રાક્ટર નો કોઈ હક્ક દાવો રહેશે નહીં·

૧૨. આપની ગાડી બહાર લઈ જવાની જરૂરિયાત ઊભી થાય તો આપે ભરેલા ભાવ થી જ આપવી પડશે ,જો રાત્રિ રોકાણની જરૂરિયાત ઊભી થાય તો તે ભરેલા ભાવના સંદર્ભમાં રહીને જ આપવાની રહેશે ·

૧૩. ડીઝલ/ટાયર /આકસ્મિત મરામત /સર્વિસ /અકસ્માત ના કારણોસર જો આપનું વાહન રોકાયેલું રહેશે તો તેની અવેજીમાં તેટલા દિવસ માટે આજ પ્રકારની બીજી ગાડી પૂરી પાડવાની રહેશે ,તેમ છતાં જો તેમ કરવામાં નિસ્ફળ જાઓ તો પ્રત્યેક દિનના રૂ·૧૫૦૦.૦૦ પ્રમાણે બીલમાંથી કાપી લેવામાં આવશે·તેમજ અવેજીમાં કરેલ બીજા વાહનનું ભાડું પણ ઠેકેદારે ચૂકવવાનું રહેશે·આ સમય દરમિયાન અધિકૃત અધિકારીશ્રી ને રાત્રિના સમયે ગાડીની જરૂરિયાત ઊભી થશે અને જો આપ ગાડી મોકલવામાં નિષ્ફળ જશોતો ટેન્ડરમાં ભર્યા મુજબની નાઈટ ચાર્જની રકમ આપના બીલમાંથી કાપી લેવામાં આવશે·તેમજ અવેજીમાં કરેલ બીજા વાહનનું ભાડું પણ ઠેકેદારે ચૂકવવાનું રહેશે·

૧૪. સદર હું કોન્ટ્રાક્ટ માટે ઠેકેદારે ઓર્ડર ના ૫% પ્રમાણે સિક્યુરિટી ડીપોઝીટ પેટેની રકમ અમારી વિભાગીય કચેરીમાં ભરવાની રહેશે, સિક્યુરિટી ડીપોઝીટ ભરપાઈ થયા બાદ ઓર્ડર આપવામાં આવશે ·જો ઠેકેદાર કામ અધૂરું છોડશે અગર શરતોનો ભંગ કરશે તો ડીપોઝીટ જપ્ત થવાને પાત્ર છે, સિક્યુરિટી ડીપોઝીટ કોન્ટ્રાક્ટ પિરિયડ સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ ઇન્ચાર્જ અધિકારી તરફથી એન ·ઓ· સી· મળ્યા બાદ પરત કરવામાં આવશે ·

૧૫. આ કરાર અંગે એગ્રીમેન્ટ રૂ·૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ઓર્ડરનો અમલ થયા પહેલાં કરવાનો રહેશે ·

૧૬. શરત કલમ નં-૧૧ મુજબ ઠેકેદારે તેની ગાડી ભાડે આપવાની રહેશે ,પરંતુ કંપની જ્યારે પોતાની માલિકીનું વાહન પૂરું પાડે અથવા આપના વાહનની જરૂરિયાત ઊભી ન થાય તો કોઈપણ જાતની નોટિસ આપ્યા

શિવાય ઓર્ડર રદ બાતલ કરી શકશે ,સામાન્ય પ્રશ્નના નિરાકરણ માટેની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રી ની રહેશે॰

૧૭. ગાડી નો ડ્રાઈવર અનુભવી ,સક્ષમ તથા હેવી લાઇસન્સ ધરાવતો તથા ભાડાની ગાડી ચલાવવા માટેનો બેઝ ધરાવતો હોવો જરૂરી છે॰તે જે તે વિસ્તારના રસ્તાઓનો જાણકાર હોવો જોઈએ ,તેની ઉમર ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ તથા તે યોગ્ય દ્રષ્ટિવાળો,વિનમ્ર,સ્વસ્છ,સારા પોષાકમાં,સદભાવપૂર્ણ વ્યવહાર ની સાથે સાથે નશાયુક્ત પદાર્થોનુંસેવન કરતો ના હોવો જોઈએ॰વાહન માલિક દ્વારા ડ્રાઈવરને ઓછામાં ઓછું ઇન કમિંગ સેવા ચાલુ હોય તેવો મોબાઈલ ફોન આપવાનો રહેશે તથા તેનો નંબર ટેન્ડર માં જણાવવાનો રહેશે ,સદર નંબરબદલવો પડે તેમ હોય તો વાહન માલિક દ્વારા તુરંત જ જણાવવાનો રહેશે॰

૧૮. આપનું વાહન ૨૪ કલાક અમારી જે તે ઓફિસે અથવા અધિકૃત અધિકારીશ્રી ના આદેશ મુજબ રાખવાનું રહેશે,આપે ગાડી દરરોજ કામ પૂરું કર્યા બાદ યુજીવીસીએલ કચેરીના કમ્પાઉન્ડ ના પાર્કિંગમાં રાખવાની રહેશે॰

૧૯. ગાડી જે દિવસે કામ ઉપર ન આવે અથવા ઠેકેદાર અવેજીમાં બીજું વાહન પૂરું ન પાડે તો રૂ॰૧૫૦૦/- પ્રતિ દિવસ લેખે બીલમાંથી કાપી લેવામાં આવશે તથા કંપનીને બીજું વાહન ભાડે રાખવા માટે જે ખર્ચ કરવો પડશે તે બીલમાંથી વસુલ કરવામાં આવશે આવા દિવસોના કી॰મી॰મહત્તમ મર્યાદા માં થી મજરે આપવામાં આવશે નહીં તથા જો વાહન સતત સાત દિવસ સુધી ગેરહાજર રહેશે અને કોન્ટ્રાકટર દ્વારા અન્ય વાહન ઉપલબ્ધ નહીં થાય તો આપનો ઓર્ડર નીચે સહી કરનાર અધિકારીશ્રી કોઈપણ જાતની જાણ કર્યા શિવાય ઓર્ડર રદ કરી શકશે॰

૨૦. ઠેકેદારે વાહન ઉપર આગળના ભાગે "ઓન ડ્યુટી યુજીવીસીએલ" વંચાય તે રીતે લખવાનું રહેશે. ગાડી સાથે સ્પેરવ્હીલ તથા બીજા તાત્કાલિક મરામત કરી શકાય તેવા સાધનો ગાડીમાં રાખવાના રહેશે,તેમજ ડીઝલ ખરીદવા,વાહન રિપેરિંગ કરાવવા ,ટોલ ટેક્ષ તથા અન્ય ખર્ચ માટે ડ્રાઈવર પાસે પુરતા નાણાની વ્યવસ્થા કરવાની રહેશે॰

૨૧. આપના વાહન માટે જરૂરી ડીઝલ,ઓઇલ,સ્પેરપાર્ટસ કે મરામત માટેના સઘળા ખર્ચની જવાબદારી ઠેકેદારની રહેશે॰

૨૨. આપે આપની ગાડીમાં અધિકારીશ્રી ની સુચના મુજબ કચેરીના માણસો તથા જરૂરી માલસામાન લઈ જવા દેવા પડશે,માલસામાન લાવવા લઈ જવા માટે ગાડી ઉપર કેરિયર લગાવેલી ગાડી પૂરી પાડવી પડશે તથા ગાડીમાં સનગાર્ડ,પડદા,મોબાઈલચાર્જર,ટેપ રેકોર્ડરતથા અન્યસુવિધા અધિકારીશ્રીની સૂચનામુજબ કરવાની રહેશે॰

૨૩. ઠેકેદારને તેમનું બીલ માઈલો મીટર મુજબના કી॰મી॰ના આંક પ્રમાણે ચૂકવવામાં આવશે,જો માઈલોમીટર બંધ હશે અથવા અયોગ્ય રીતે ફરતું જણાશે તો તે માટે કી॰મી॰ની યોગ્ય ગણત્રી કરી કાર્યપાલકશ્રીની સુચના મુજબ ગણવામાં આવશે॰ઠેકેદારે ગાડીનું માઈલોમીટર/ચેઇનોમીટરદર છ માસે કેલિબ્રેશનકરાવવાનું રહેશે, જેનું સર્ટિફિકેટ અત્રેની કચેરીએ જમા કરાવવાનું રહેશે॰

૨૪. કચેરી અને વાહન હંકારનાર વચ્ચે નોકરી અને તેની આનુસંગિક કોઈપણ બાબત જેવીકે માલિક અને ડ્રાઈવરના સંબંધ અથવાતો કોઈપણ જાતની કાયદાકીય જવાબદારી રહેશે નહીં વાહન હંકારનાર દ્વારા તેઓની સેવા બાબતે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમાં કંપનીને કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહીં॰

૨૫. ડ્રાઈવર અથવા ઠેકેદારની અણઆવડત,બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણકારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતેકચેરીની મિલકત કે કોઈપણ સાધન સામગ્રીને,સેવાને ,સરકારી રેકોર્ડ કે અધિકારી /કર્મચારીઓની

કોઈપણ વસ્તુને પરોક્ષ રીતે થયેલ નુકશાન કે કંપનીને ભોગવવાનું થતું તમામ નુકશાન વાહન માલિક ભરપાઈ કરવા બંધાયેલ છે ◦

૨૬. આ કરાર બિન તબદીલી પાત્ર છે ,વાહન માલિક પેટા વાહન માલિકને રોકી શકશે નહીં અને સક્ષમ સત્તા/કચેરીની પૂર્વ મંજૂરીશિવાયવાહન માલિક અન્ય કોઈ પેટા વાહન માલિકને આ કામ તબદીલ કરી શકશે નહીં અથવા આ કરારની અન્ય કોઈ બાબત અન્ય વાહન માલિકને તબદીલ કરી શકશે નહીં ◦

૨૭. જો વાહન માલિક કરાર ચાલું રાખવા ઈચ્છતા ન હોય તો તેમણે ત્રણ માસનીનોટિસ આપવી પડશે◦તે પરિસ્થિતિમાં તેની સિક્યોરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે ◦

૨૮. વાહન માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વરસદારને કોઈ હક્ક /દાવો રહેશે નહીં ◦

૨૯. ઠેકેદારને જો કામ માટે ઓર્ડર આપવામાં આવશે તો ઓર્ડર મળ્યા તારીખથી દિવસ ૧૫ની અંદર અમલ કરવાનો રહેશે ◦

૩૦. ઠેકેદારના વાહનને સંજોગોવશાત જો કોઈપણ જાતનો પ્રાણઘાતક અથવા બિનપ્રાણઘાતક અકસ્માત થશેતો તેના વળતરની સઘળી જવાબદારી વાહન ધરાવનાર ઠેકેદારની રહેશે ,તેમાં કંપનીને કાયદાકીય કે બિન કાયદાકીય કોઈપણ સ્વરૂપમાં લેવા-દેવા રહેશે નહીં◦

૩૧. જ્યારે જ્યારે ટાયર –ટ્યૂબ અથવા ઓઇલ માં ભાવ વધારો થશે તે મજરેઆપવામાં આવશે નહીં પરંતું જ્યારે સરકારશ્રી તરફથી ડીઝલમાં ભાવવધારો કરેલ હશે તે તારીખથી વધારાનારૂ◦0-૧0પૈસા ઉપર રૂ◦ 0-0૧ પ્રમાણેફરેલ કી◦મી◦ઉપર ભાવ તફાવત આપવામાં આવશે અનેજ્યારે સરકારશ્રી તરફથી ડીઝલમાંભાવ ઘટાડો કરેલ હશે તો ઠેકેદાર ના બીલ માંથી રીકવર કરવામાં આવશે◦ટેન્ડર મોકલવાની છેલ્લી તારીખે ડીઝલનો જે ભાવ હશે તે ગણતરીમાં લેવામાં આવશેઅને તે ઠેકેદારે તેમના ટેન્ડરમાં દર્શાવાનો રેહશે. ડીઝલ ડીફરન્સ માટે વાહન માલિકની અરજીની સાથે ડીઝલમાં રોજે રોજના ડીઝલ નાભાવ નું પેટ્રોલપમ્પમાલિક નું સર્ટીફીકેટ/ વાહન લોગબુક તથા ડીઝલ ભરાવેલ તે તારીખ ના બીલ રજુકરવાના રેહશે. જો બીલો રજુ કરવામાં નહિ આવે તથા લોગબુક માં પણ કઈ તારીખે કેટલા કિલોમીટરે ડીજલ ભરાવેલ છે તે દર્શવેલ નહિ હોય તો ડીજલ ડીફરનસ મંજુર કરવામાં આવશે નહિ. જીપીએસ સાથે લોગબુક મેચ કરીકિલોમીટર ની ગણતરી કરી પેટાવિભાગીય કચેરીએ જે તે માસના બીલ માં ચૂકવાનું રેહશે.

૩૨.ટેન્ડર લેતી વખતે જે ગાડીના કાગળો આપ્યા હશે તેજ ગાડી આપવાની રહેશે ,જો સંજોગોવશાત ગાડી બદલવાની ઊભી થાય તો નીચે સહી કરનાર અધિકારીશ્રી ની જરૂરી મંજૂરી મેળવવાની રહેશે◦ ટેન્ડર ઓપન કર્યા પછી જેમનું ટેન્ડર પાસ થયેલ હોય તેમણે ગાડી ઓર્ડર આપ્યા પહેલાં નીચે સહી કરનાર અધિકારીશ્રીપાસે પાસ કરાવવાની તેમની જવાબદારી રહેશે◦

૩૩. કોઈપણ કારણ આપ્યા શિવાય બધાજ ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવા તે બાબતનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધિત રહેશે◦

૩૪. રોડ ઉપર વાહન ચલાવવાનો રોડ ટેક્ષ વાહન માલિકે ભરવાનો રહેશે,ટોલટેક્ષ/બ્રિજટેક્ષ વિગેરેવાહન માલિકે ભરવાનો રહેશે અને તેની ઓરિજીનલ પાવતી બીલસાથે રજૂ કરવાથી બિલમાં મજરે આપવામાં આવશે◦

૩૫. કોન્ટ્રાક્ટરે જી◦એસ◦ટી◦રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે,જોજી◦એસ◦ટી◦રજીસ્ટ્રેશન નંબર લીધેલ નહીં હોય તો સરકારશ્રીના નિયમ મુજબ રીવર્ષ મીકેનીજમ પ્રમાણે જી◦એસ◦ટી◦વસુલ કરવામાં આવશે◦

૩૬. ડ્રાઈવરની કામગીરી અંગે અસંતોષ અથવા કોઈપણ જાતની ફરિયાદના અનુસંધાનમાં અધિકારીશ્રીની સુચના મળ્યેથીડ્રાઈવર તાત્કાલિક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે॰

૩૭. ઉપરોક્ત શરતો અંગે જો કોઈ વાંધો અગર મતભેદ ઊભો થશેતો તે અંગેનો નિર્ણય લેવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રી ની રહેશે॰ આ બાબતમાં કોઈપણ જાતની કાનૂની ગૂંચ કે વિવાદ અંગે મહેસાણાની હકૂમત માન્ય ગણાશે॰

૩૮. ટેન્ડર ફક્ત રજિ॰પો॰એડી॰થી જ સ્વીકારવામાં આવશે॰

૩૯. કોન્ટ્રાક્ટરેટેન્ડર સાથેપાનકાર્ડ તથા જી.એસ.ટી.ની કોપી હોય તો જોડવાની રેહશે.॰ ઓનલાઈન ટેન્ડર ભરો તોબંનેની નકલ અચૂક મુકવાની રહેશે ,જો પાનકાર્ડ ની કોપીઆપવામાં આવેલ નહીં હોય તો ૨૦% મુજબ બીલ માંથી ઈન્કમટેક્ષ કપાત કરવામાં આવશે॰જો જી.એસ.ટી. નંબર ની કોપીજોડવામાં આવેલ નહિ હોય તો કોન્ટ્રાક્ટરે વાર્ષિક ટર્નઓવર વીસ લાખ કરતા ઓછુ છેતેવું રૂપિયા ૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર બાહેધરી પત્ર લખી ઓનલાઈન જોડાવાનું રેહશે.

૪૦. ડ્રાઈવરે મોબાઈલ ફ્રોન રાખવાનો રહેશે અને તેનો સંપર્ક નંબર અધિકારીશ્રી ને જણાવવાનો રહેશે॰

41. If the contractor having any work order or supply order under respective Division office & security deposited not paid till the date of display of this tender, then it is considered such contractor is negligent to complete work in stipulated time limit and not achieving work progress as per UGVCL requirement or may have not started/(commenced) work and if his performance is poor during work of any type of past order, Then such contactor will technically have disqualified only for this tender & price bid will not be opened without intimating reason thereof.

<u>નોંધ:-</u>નવીન ગાડીલાવનાર કોન્ટ્રાક્ટરે ટેન્ડર સાથે નવી ગાડી માટેનું ક્વોટેશન રજૂ કરવાનું રહેશે તથા રૂ॰ ૫૦૦૦.૦૦વધારાની ડિપોઝીટ ભરવાની રહેશે॰ ટેન્ડર મંજૂર થયેથી પંદર દિવસમાં નવું વાહન તથા દસ્તાવેજ નીચે સહી કરનાર અધિકારીશ્રીને રજૂ કરવાના રહેશે॰

ઉપરોક્ત તમામ નિયમો અને શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને તમામ હકીકત ઠેકેદારે વાંચી સમજીને કોઈપણ જાતના દબાણ વગર ટેન્ડર ભરીને સહી કરેલ છે,જે તેઓશ્રી ને માન્ય અને બંધનકર્તા રહેશે॰

કાર્યપાલક ઇજનેર

યુ॰જી॰વી॰સી॰એલ॰,વિભાગીય કચેરી,મહેસાણા॰

ઠેકેદાર નું નામ :--------------------------------

ઠેકેદાર ની સહી :--------------------------------

ઠેકેદારનું પુરું સરનામું :--------------------------

---------------------------

--------------------------

ઠેકેદારનો કોન્ટેક્ટ નંબર (ઓ॰)--------------------------(ઘર)----------------------

(મો॰) ----------------------------